# ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી, જૂનાગઢ.

**પરિપત્ર:-**

વિષય:- શૈક્ષણિક વર્ષ:૨૦૨૦-૨૧માં પ્રથમ વર્ષ બી.એસસી., વાણિજ્ય, વિનયન તથા અન્ય સ્નાતક કક્ષાના અભ્યાસક્રમ (તમામ બોર્ડનાં વિદ્યાર્થીઓ)ની બેઠકો પર વિદ્યાર્થીઓની પ્રવેશ પ્રક્રિયા અંગે મુદતમાં વધારો કરવા બાબત.

સંદર્ભ:- (૧) અત્રેના પત્ર ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૧૦૧૪/૨૦૨૦-૨૧, તા.૨૦/૦૭/૨૦૨૦.
(૨) અત્રેના પત્ર ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૧૦૧૫/૨૦૨૦-૨૧, તા.૨૦/૦૭/૨૦૨૦.
(૩) અત્રેના પત્ર ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/૧૦૫૮/૨૦૨૦-૨૧, તા.૨૪/૦૭/૨૦૨૦.
(૪) રાજ્ય સરકારશ્રીનાં પરિપત્ર ક્રમાંક:કરન/૧૦૨૦૨૦/૦૬૦૫૨૦૨૦/ખ-૧, તા.૧૭/૦૭/૨૦૨૦
(૫) શિક્ષણ વિભાગનાં ઠરાવ ક્રમાંક : કરન/૧૦૨૦૨૦/૦૬૦૫૨૦૨૦/ખ-૧ તા:૨૪/૦૫/૨૦૨૦
(૬) શિક્ષણ વિભાગનાં ઠરાવ ક્રમાંક : કરન/૧૦૨૦૨૦/૦૬૦૫૨૦૨૦/ખ-૧ તા:03/૦૬/૨૦૨૦
(૭) પરિપત્ર: નં.બીકેએનએમયુ/એકેડેમિક/૭૫૪/૨૦૨૦, તા:૦૪/૦૬/૨૦૨૦
(૮) પરિપત્ર: નં.બીકેએનએમયુ/રજી/શૈ.કા./૩૦૨/૨૦૨૦, તા:૦૯/૦૬/૨૦૨૦
(૯) પરિપત્ર: નં.બીકેએનએમયુ/ એકેડેમિક/૮૨૩/૨૦૨૦, તા:૧૯/૦૬/૨૦૨૦

(A) આથી ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ સરકારી/ગ્રાન્ટ ઇન એઇડ/સેલ્ફ ફાઇનાન્સ કોલેજો/માન્ય સંસ્થાઓનાં આચાર્યશ્રીઓને જણાવવામાં આવે છે કે, શૈક્ષણિક વર્ષ:૨૦૨૦-૨૧ માટે ઉક્ત સંદર્ભ પત્ર-(૧) ના પરિપત્રથી B.Sc. અભ્યાસક્રમ સિવાયનાં વાણિજ્ય, વિનયન તથા અન્ય સ્નાતક(UG) અભ્યાસક્રમો માટે કોલેજ કક્ષાએથી ઓનલાઇન પ્રવેશ પ્રક્રિયા કરવા તથા સંદર્ભ પત્ર-(૨) ના પરિપત્રથી B.Sc. પ્રવેશ પ્રક્રિયા (અન્ય બોર્ડની 10% બેઠકો માટે) તથા વાણિજ્ય, વિનયન તથા અન્ય અભ્યાસક્રમ પ્રવેશ પ્રક્રિયા (અન્ય બોર્ડની 10% બેઠકો માટે) ચાલું વર્ષમાં તા.૩૧/૦૭/૨૦૨૦ સુધી પ્રવેશ પ્રક્રિયા કરવા જણાવેલ હતું. તથા સંદર્ભ પત્ર-(૩)ના પરિપત્રથી B.Sc. પ્રવેશ પ્રક્રિયા (અન્ય બોર્ડની 10% બેઠકો માટે) તથા વાણિજ્ય, વિનયન તથા અન્ય અભ્યાસક્રમ પ્રવેશ પ્રક્રિયા (ગુજરાત રાજ્ય બોર્ડનાં ૯૦% તથા ગુજરાત રાજ્ય બોર્ડ સિવાયનાં અન્ય બોર્ડનાં 10%) ચાલું વર્ષમાં તા.૧૪/૦૮/૨૦૨૦ સુધી પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરવા જણાવેલ હતું.

ઉક્ત વિગતે હાલની કોવીડ-19ની મહામારી અને કોલેજો તથા વિદ્યાર્થીઓની આવેલ રજુઆતો તથા રાજ્ય સરકારશ્રીનાં સંદર્ભ પત્ર-(૪) ધ્યાને લઇ માન.કુલપતિશ્રીનાં આદેશાનુસાર સંદર્ભ-(૧), (૨) અને સંદર્ભ-(૩) પત્ર મુજબ B.Sc. પ્રવેશ પ્રક્રિયા તથા (તમામ બોર્ડનાં વિદ્યાર્થીઓ માટે) સમગ્ર પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરવાની મુદત તા.30/૦૯/૨૦૨૦ સુધી લંબાવવામાં આવે છે. પ્રવેશ પ્રક્રિયા અંગે નીચેની બાબતો ધ્યાનમાં લેવી.

નોંધ:-

(૧) સરકારી વિજ્ઞાન કોલેજ, વેરાવળ તથા બહાઉદ્દીન વિજ્ઞાન કોલેજ, જૂનાગઢ ખાતે પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ થયેલ હોય, જેથી ઉપરોક્ત બન્ને કોલેજો સિવાયની અન્ય તમામ કોલેજોએ પ્રવેશ પ્રક્રિયા નિયત સમય મર્યાદામાં પૂર્ણ કરવાની રહેશે.

(૨) દરેક કોલેજ ધ્વારા પોતાની મંજુર થયેલ ઇન્ટેક તથા તા: ૧૪/૦૮/૨૦૨૦ સુધીનાં મેરીટનાં અંતે ભરાયેલ જગ્યાઓની માહિતી કોલેજની વેબસાઇટ ઉપર મુકવાની રહેશે.

(૩) તમામ કોલેજો ધ્વારા પોતાની કક્ષાએથી જાહેરાત કરી જે વિદ્યાર્થીઓને પ્રવેશ માટે ઓનલાઈન અરજી કરવાની બાકી છે, જે પૂરક પરીક્ષામાં પાસ થયેલ છે તેવા વિદ્યાર્થીઓની ઓનલાઈન પોર્ટલ ઉપર અરજીઓ કરાવી મેરીટ અને અનામતના ધોરણોનું ચુસ્ત પાલન થાય તે રીતે તા: ૩૦/૦૯/૨૦૨૦ સુધીમાં પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરવાની રહેશે. આ માટે ઓનલાઈન અરજી કરવા માટે ૦૭ દિવસ(તા:૨૭/૯/૨૦૨૦ સુધી) અને વેરીફીકેશન અને ફી ભરવા માટે ત્રણ દિવસ(તા:30/૦૯/૨૦૨૦ સુધી) નિયત કરવામાં આવે છે.

વધુમાં યુનિવર્સિટી સંલગ્ન તમામ કોલેજોએ B.Sc. તથા B.Sc. સિવાયના વાણિજ્ય, વિનયન તથા અન્ય અભ્યાસક્રમોની સમગ્ર પ્રવેશ પ્રક્રિયા તા.30/૦૯/૨૦૨૦ સુધીમાં કોલેજ કક્ષાએથી પૂર્ણ કરવાની રહેશે. વિદ્યાર્થીઓનાં પ્રવેશ અંગેના નિયમો, વિદ્યાર્થીઓનાં પ્રવેશની સંખ્યા (ઇન્ટેક) અને રાજ્ય સરકારશ્રી/યુ.જી.સી. દ્વારા નિયત થયેલ અનામત નીતિ મુજબ જ પ્રવેશ પ્રક્રિયા કરવાની રહેશે. તેમજ સરકારી/ગ્રાન્ટ ઇન એઇડ/સેલ્ફ ફાઇનાન્સ કોલેજો/માન્ય સંસ્થાઓની મંજુર થયેલ ઇન્ટેકની મર્યાદામાં જ વિદ્યાર્થીઓને પ્રવેશ આપવાનો રહેશે. (તા.30/૦૫/૨૦૨૦નો સ્નાતક અભ્યાસક્રમો અંગે ઇન્ટેક બાબતનો પરિપત્ર) ઇન્ટેક કેપેસીટીથી વધુ આપવામાં આવેલ પ્રવેશનાં એનરોલમેન્ટ/એનલીસ્ટમેન્ટ/રજીસ્ટ્રેશન સ્વીકારવામાં આવશે નહી અને તે અંગે ઉપસ્થિત થતી તમામ જવાબદારી આચાર્યશ્રી/સંચાલકશ્રીની રહેશે, જેની ખાસ નોંધ લેવી.

- ઓનલાઇન પ્રવેશ માટેની વેબસાઇટ:- (http://www.bknmu.edu.in) ઉપર એડમિશન પોર્ટલમાં દર્શાવેલ લિંક (http://bknmuadm.icrp.in)→college registration and merit

(B) આથી ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ સરકારી/ગ્રાન્ટ ઇન એઇડ/સેલ્ફ ફાઇનાન્સ કોલેજો/માન્ય સંસ્થાઓનાં આચાર્યશ્રીઓ/અનુસ્નાતક કેન્દ્રોના વડા/અનુસ્નાતક ભવનોનાં અધ્યક્ષશ્રીઓને સંદર્ભ પત્ર (૫), (૬) અને (૭)ની વિગતે જણાવવામાં આવે છે કે ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન તમામ સંસ્થાઓ/અનુસ્નાતક કેન્દ્રો/અનુસ્નાતક ભવનોમાં સેમેસ્ટર ૩,૫, ૭ (સંબંધિત ફેકલ્ટી અનુસાર જેમકે, આટર્સ, કોમર્સ, સાયન્સ, કાયદા, મેડીસીન, શિક્ષણશાસ્ત્ર) માં તા:૨૨/૦૬/૨૦૨૦ થી ઓનલાઈન શિક્ષણ કાર્ય કરવા અંગે જણાવવામાં આવેલ હતું. આ સંદર્ભે તમામ સંસ્થાઓ ધ્વારા તા:૨૨/૦૬/૨૦૨૦ થી આજદિન સુધીનો શૈક્ષણિક અહેવાલ નીચે મુજબનાં ફોરમેટમાં વિગતો ભરી તમામ અધ્યાપકોની માહિતી યુનિવર્સિટી એકેડેમિક વિભાગને મોકલી આપવાની રહેશે.

વધુમાં રાજ્ય સરકારશ્રી ધ્વારા/યુનિવર્સિટી ધ્વારા તા:૦૧/૦૮/૨૦૨૦થી **પ્રથમ સત્રનો પ્રારંભ** કરવા માટે જણાવેલ (સંદર્ભ પત્ર-૫, સંદર્ભ પત્ર-૭ અને સંદર્ભ પત્ર-૯ મુજબ) જે સંદર્ભે જેટલાં વિદ્યાર્થીઓના પ્રવેશ પૂર્ણ થઇ ગયેલ છે તેટલાં વિદ્યાર્થીઓનાં ઓનલાઈન વર્ગ માટે જરૂરી માહિતી પણ નીચે મુજબનાં ફોરમેટમાં આપવા જણાવવામાં આવે છે તથા સમગ્ર પ્રવેશ પ્રક્રિયા પૂર્ણ કરી બાકીનાં વિદ્યાર્થીઓને પણ ઓનલાઈન વર્ગમાં સામેલ કરી ઓનલાઈન શિક્ષણ કાર્ય ચાલુ રાખવાનું રહેશે.

| ક્રમ | તારીખ | અધ્યાપકનું નામ | વિષય | સેમેસ્ટર (૧,૩,૫,૭) | સમય | કેટલાં વિદ્યાર્થી જોડાયા | ઓનલાઈન ટીચિંગ સોફ્ટવેર (Zoom, Google Classroom, Microsoft Team) |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | | | | | |
| ૨ | | | | | | | |

કા.કુલસચિવ

ક્રમાંક/બીકેએનએમયુ/એકેડેમિક/2142/૨૦૨૦-૨૧
ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી,
ગવર્મેન્ટ પોલીટેકનિક કેમ્પસ, બિલખા રોડ, ખડીયા-જૂનાગઢ
તા.૧૮/૦૯/૨૦૨૦

- પ્રતિ, ભક્તકવિ નરસિંહ મહેતા યુનિવર્સિટી સંલગ્ન સર્વે કોલેજોનાં આચાર્યશ્રીઓ તરફ.....

નકલ સાદર રવાનાઃ-
(૧) માન.કુલપતિશ્રી/કુલસચિવશ્રીનાં અંગત સચિવશ્રી.

નકલ રવાના જાણ તથા યોગ્ય કાર્યવાહી અર્થેઃ
(૧) પરીક્ષા વિભાગ
(૨) આઇ.ટી.સેલ વિભાગ (વેબસાઇટ ઉપર પ્રસિદ્ધ થવા અર્થે.)